PDS યોજનામાં GOI ની સબસીડાઇઝ દરે પૂરી પાડવામાં આવનાર તુવેરદાળ અને ચણાદાળનું વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૦૬/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

(૨) નિયામકશ્રી, અ.ના.પુ. કચેરીનો તા.૧૭/૦૬/૨૦૧૯ નો પત્ર ક્રમાંકઃ પીડીએસ/અગ્રતા કુટુંબો/ કઠોળ વિતરણ/૨૩૬/૨૦૧૮-૧૯.

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રૂ.૧૫/કિ.ગ્રા. કેન્દ્રીય સબસીડી સાથે કઠોળના વિતરણની ભારત સરકારની યોજના હેઠળ માહે એપ્રિલ-૨૦૧૯ તથા મે-૨૦૧૯ દરમ્યાન તમામ NFSA કાર્ડધારકોને ઉપલબ્ધ જથ્થાના આધારે રૂ.૩૭/કિ.ગ્રા. તથા રૂ.૪૨/કિ.ગ્રા. ભાવે અનુક્રમે ૧ કિ.ગ્રા. તુવેર દાળ તથા ૧ કિ.ગ્રા. ચણાદાળનું વિતરણ કરવાનું ઠરાવવામાં આવેલ છે. સંદર્ભ (૨) માં જણાવેલ નિયામકશ્રી, અ.ના.પુ. કચેરીના પત્રથી ગોડાઉન વાર ચણાદાળના જથ્થાની વિગતો મોકલી માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ચણાદાળનું વિતરણ કરવા બાબતે જરૂરી હુકમો કરવા વિનંતી કરવામાં આવેલ છે. માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન ચણાદાળના જથ્થાનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

(૧) સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવથી નિયત થયેલ વિતરણ પ્રમાણ-ભાવ મુજબ માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન NFSA રેશનકાર્ડધારકોને ચણાદાળના જથ્થાનું વિતરણ કરવાનું રહેશે.

(૨) માહે જુલાઇ-૨૦૧૯ અંતિત ગુ.રા.ના.પુ.નિ.લિ. ના ગોડાઉન તથા વાજબી ભાવની દુકાન ખાતે બચત રહેલ ચણાદાળના જથ્થાનું માહે ઓગષ્ટ-૨૦૧૯ દરમ્યાન NFSA રેશનકાર્ડધારકોને વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવાનું રહેશે.

(૩) ફેબ્રુઆરી-૨૦૧૯ પેકિંગ હોય તેવો ચણાદાળનો સંપૂર્ણ જથ્થો માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન વિતરણ માટે ગુ.રા.ના.પુ.નિ.લિ. ના ગોડાઉન પરથી વાજબી ભાવની દુકાન ખાતે ફાળવવામાં આવે તે ગુ.રા.ના.પુ.નિ.લિ. એ સુનિશ્ચિત કરવાનું રહેશે તેમજ વાજબી ભાવની દુકાન ખાતે ફાળવવામાં આવેલ ફેબ્રુઆરી-૨૦૧૯ પેકિંગવાળા ચણાદાળના જથ્થાનું માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન જ સંપૂર્ણ વિતરણ થઇ જાય તે અંગેની તકેદારી રાખવા નિયામકશ્રી, અ.ના.પુ., કચેરીએ સંબંધિતોને જરૂરી સૂચના આપવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કિશોરકુમાર એસ. રાણા)
ઉપ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. સર્વે જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
૪. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, બહુમાળી ભવન, લાલ દરવાજા અમદાવાદ-૩૮૦૦૦૧.

નકલ રવાના :-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રા.ક. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૪. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
૫. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)
૬. સીલેક્ટ ફાઇલ

૨૫/૦૬/૧૯